Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ભાવનગર - ૩૬૪૦૦૧

આત્મ સંવત ૪૨-૪૩

વીર સંવત : ૨૪૬૩/૬૪

વિક્રમ સંવત :

પુસ્તક : ૩૫

સને :

२ आइनोगा ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧. મંગળાચરણ ... ... ... ... ... ... ૧
૨. શ્રી વીર સ્તુતિ (રાજપાળ મગનલાલ વ્હોરા) ... ... ૨
૩. નૂતન વર્ષનું મંગળમય વિધાન ... ... ... ... ૩
૪. ઋષભ પંચાશિકા ... ... ... ... ... ... ૮
૫ સમ્યગ્જ્ઞાનની કુંચી ... ... ... ... ... ૧૦
૬. આધ્યાત્મિક ભૂખ (અનુ૦ અભ્યાસી) ... ... ... ૧૩
૭. આત્માધીન અને પરાધીન મુનિજન (બુકુશ કુશીલ) ... ૧૭
૮. માયા (આત્મવલ્લભ) ... ... ... ૨૦
૯. વૃદ્ધ મુનિરાજ શ્રી સુમતિવિજયજીનો સ્વર્ગવાસ ... ... ૨૨
૧૦. વર્ત્તમાન સમાચાર ... ... ... ... ૨૪



શ્રી અમરચંદ્રસૂરિકૃત—

### શ્રી તીર્થંકર ચરિત્ર (ભાષાંતર)

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટુંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, અને સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે. કિંમત દશ આના.

### શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝના છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર (બીજા પર્વથી દશ પર્વો) પ્રત તથા બુકાકારે.
૨ ધાતુપારાયણ. ૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા (શ્રી યશોવિજયજીકૃત)
૪ પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકાવૃત્તિ.

જલદી મંગાવો તૈયાર છે. જલદી મંગાવો

### શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઇપ, ઉંચા કાગળ, સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે, થોડી નકલો બાકી છે કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧-૮-૦ પો. જુદું.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

जन्मनि कर्मक्लेशैरनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थः ॥ १ ॥

" કર્મરૂપ કષ્ટથી વ્યાપ્ત એવા આ જન્મમાં એવો ( શુભ )
પ્રયત્ન કરવો કે જેના પરિણામે કર્મરૂપ કષ્ટ ( સદંતર )
વિનાશ પામે. આ ( માનવજન્મનું ) રહસ્ય છે. "

શ્રીમદ્ ઉમાસ્વાતિવાચક-તત્ત્વાર્થ ભાષ્ય.

पुस्तक ३९] वीर सं. २४६३. श्रावण सं. ४२. आ० श० वर्ष २ जुं [अंक १ लो.

## मंगलाचरण.

ॐकारः कल्पकारस्करनिकरतिरस्कारि दानाद्रिरेकः
शब्दब्रह्मैकरत्नाकरहिमकरणः कारणं मङ्गलानां ।
देयाद्वः शुद्धबुद्धिं निरवधिमहिमाम्भोनिधिः सार्वसिद्धा-
चार्योपाध्यायसाधूनभिदधदधिकं धीमदाराधनीयः ॥ १ ॥

જેનું અધિક દાન કલ્પવૃક્ષોના સમૂહનો તિરસ્કાર કરે છે, જે શબ્દબ્રહ્મરૂપી સમુદ્રનો ઉલ્લાસ કરવામાં ચંદ્ર સમાન છે, જે સર્વ મંગળોનું કારણ છે, જે મ્હોટા મહિમાનો સમુદ્ર છે, જે અહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ પરમેષ્ઠી પદોને ધારણ કરે છે, તથા જે પંડિત પુરુષોને આરાધવા લાયક છે તે ॥ ॐ ॥ કાર તમોને અધિક શુદ્ધ બુદ્ધિ આપો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વીર સ્તુતિ.

જ્યારે જગમાં વૃદ્ધિ પામ્યો, દુષ્કર્મોનો અતિશય ભાર,
ત્યારે આ અવનીમાં આવ્યા, વીર જિનેશ્વર જગદાધાર;
વિશ્વતણું દારિદ્રય જ ભાંગે, વરસીદાનતણા દાતાર,
એવા શ્રી વીતરાગ વીરને, વંદન કરીએ વારંવાર. ૧

કરી તપસ્યા ઘોર પ્રકારી, કર્મ રિપુને માર્યો માર,
કેવળ દીપક પ્રગટાવીને, જગને દીધો આતમસાર;
સંઘ ચતુર્વિધ સ્થાપન કીધો, કર્મોને મિટાવણહાર,
એવા શ્રી વીતરાગ વીરને, વંદન કરીએ વારંવાર. ૨

સંશય ભાંગે ભવ્યજનોના, બેસી સમવસરણ મોઝાર,
ભવિક બોધવા પ્રશ્નો પૂછે, પ્રેમ ધરી ગૌતમ ગણધાર;
સર્વ જીવો નિજ નિજ ભાષામાં, પ્રભુવાણી સુણો શ્રીકાર,
એવા શ્રી વીતરાગ વીરને, વંદન કરીએ વારંવાર. ૩

જન્મથકી વૈરી જંતુઓ, તે પણ છોડી વૈર વિકાર,
પ્રભુ પર્ષદામાંહી આવે, દેવ તિરિ ને બહુ નરનાર;
સાંભળે વીરની વાણી મનોહર, જાણે પુષ્કર વર્ષાધાર,
એવા શ્રી વીતરાગ વીરને, વંદન કરીએ વારંવાર. ૪

ચૈત્ર શુક્લ તેરશ મનોહારી, વીરજીકેરો જન્મ રસાળ,
વિભુ વીરની જન્મ જયંતિ, ઉજવીએ આપણે સુખકાર;
**રાજ** નમે શ્રી વીર પ્રભુને, આ કાળે છેલ્લા અવતાર,
એવા શ્રી વીતરાગ વીરને, વંદન કરીએ વારંવાર. ૫

**રાજપાળ મગનલાલ વ્હોરા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષનું મંગલમય વિધાન.

**આ**જના નૂતન વર્ષના મંગલમય પ્રભાતે **આત્માનંદ પ્રકાશ** પાંત્રીશમા વર્ષમાં પ્રવેશ કરે છે; પ્રવેશ કરતાંની સાથે સ્વગત પ્રશ્ન પૂછે છે કે વય વધતાંની સાથે જૈન સૃષ્ટિમાં મેં મારૂં સ્થાન યથાર્થ જાળવી રાખ્યું છે કે કેમ? વયજનિત અનુભવની વૃદ્ધિ સાથે મારા નામની સાર્થક્તા કરી છે? વાચકોની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક, પ્રગતિ સાધી છે? જૈન દૃષ્ટિએ પાંચ કારણોથી નિષ્પન્ન થતાં કાર્યમાં ઉદ્યમની મુખ્યતા કરી પ્રગતિ કરવામાં યથાર્થ ભાગ ભજવ્યો છે? સંસારચક્રમાં ( Cycle of existence ) જન્મ અને મૃત્યુ અનિવાર્ય અને સહજ છતાં આત્માના અનાદિઅનંતપણા તરફ લક્ષ રાખી માનવ વાચકોની દર્શન-જ્ઞાન-ચરિત્રરૂપ મુક્તિમાર્ગની પ્રસ્થાનત્રયી ( Three starting suggestions ) ને યોગ્ય આત્માને તૈયાર કરી સ્વાવલંબનપૂર્વક પુરૂષાર્થ-પરાયણ કરવા પ્રેરણા કરી છે? આત્મજાગૃતિ માટે આ અને આને લગતા પ્રશ્નોથી સમાધાન સ્વયંસ્ફુર્તિથી ( Automaticism ) મેળવી લે છે કે ઉપરોકત બાબતોમાંથી થોડેઘણે અંશે મારાથી બન્યું છે તેથી સંતોષનું આશ્વાસન લઇ સ્વીકૃત કાર્ય વધારે વિશેષ બળથી પ્રેરી શકાય અને ગત દિવસોના શુભાશુભ કૃત્યોનું તારણ કરી નવી બેલેન્સ મૂકી, ઘટ-વધનો હિસાબ નક્કી કરી, નવા દિવસનો રોજમેળ શરૂ કરાય અને એ રીતે ગત વર્ષનું સરવૈયું તૈયાર કરી નૂતન વર્ષમાં આત્માને માટે હિતકારક પદ્ધતિ કઇ શ્રેષ્ઠ છે? તે પ્રમાણે અમલમાં મૂકવા પ્રયત્ન કરાય એવી ધારણા સાથે પ્રસ્તુત પત્ર શુભ આરંભ કરે છે.

**પાંત્રીશની સંજ્ઞા એ જૈન દૃષ્ટિએ શ્રી તીર્થંકરની વાણીના ગુણોની છે.** ઉપમિતિ-ભવપ્રપંચા કથાકારના કથન મુજબ શ્રી જિનવાણી એ સદાગમ-શ્રુતજ્ઞાન છે. આ જ્ઞાન સ્વપરપ્રકાશક હોવાથી પાંચે જ્ઞાનોમાં તેની મુખ્યતા છે; સ્યાદ્‌વાદમય જિનવાણીમાં સઘળાં દર્શનોનો સમાવેશ થાય છે એ કવિરત્ન શ્રીમદ્ આનંદઘનજીનો આલાપ છે; જિનવાણીનો સાર સમ્યગદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયીની પ્રાપ્તિ છે અને એ જ માનવ-જન્મની સાર્થકતા છે; પુણ્યયોગે મળેલા માનવ જન્મમાં આ સાર્થકતાની ચાવી હાથ લાગી જાય તો મનુષ્યજીવનનો અને પ્રસ્તુત પ્રકાશના લેખોનો ઉદ્દેશ સાર્થક થઇ જાય; આવા જ કાંઇ શુભાશયથી પ્રસ્તુત આત્માનંદ પ્રકાશ લેખોરૂપી ચાવીઓથી આત્મજાગૃતિ માટે કાર્ય કરી રહ્યું છે; પરંતુ વાચકો પોતે યથાશક્તિ ગ્રહણશીલ ( Receptive ) થઇ આત્મવિકાસ સાધી શકે તે માટે ઉપદાન કારણ આત્મા તૈયાર હોય ત્યારે જ બની શકે.

કાળ અનાદિ અનંત છે અને આત્માનું અસ્તિત્વ પણ અનાદિ અનંત છે. જન્મ અને મૃત્યુ એ એક સિક્કાના બે પાસાની જેમ કાળના પર્યાયો છે; જન્મ અને મૃત્યુરૂપ કાળ પર્યાયમાં આત્માના વિભાવિક પર્યાયોનો સમન્વય થાય છે; એ વિભાવિક પર્યાયોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક વખત અનુભવવા છતાં આત્માનું અમરપણું જૈનદર્શન અને ભગવદ્ગીતા પણ વર્ણવે છે; આત્માના સ્વાભાવિક પર્યાયો તો દર્શન-જ્ઞાન-ચારિત્ર વિગેરે છે; આ રીતે આત્મા અમર હોવાથી અનેક જન્મોદ્વારા જો તે શુભ સંસ્કારો (sensation) મેળવ્યા કરે છે તો શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચકના કથનાનુસાર "भावितभावो भवेष्वनेकेषु" અનેક જન્મોના ગાઢ સંસ્કારો એકત્ર થયા પછી આત્મા આનંદરૂપ પ્રકાશ પોતામાંથી પ્રકટાવી શકે છે અને કાળપરિણતિ અને કર્મપરિણામના પરાધીનપણામાંથી મુક્ત થઇ હંમેશને માટે નિશ્ચય અને વ્યવહાર બન્ને દૃષ્ટિબિંદુથી અજર-અમર બને છે. આ વસ્તુસ્થિતિ પ્રાપ્ત કરવા માટે જ શાસ્ત્રો અને તીર્થંકરોની વાણીનો પ્રયાસ છે.

## —સંસ્મરણો—

ગતવર્ષમાં શ્રી સિદ્ધક્ષેત્ર ઉપર મોતીશાશેઠની ટુંકની શતાબ્દિ ભવ્ય મહોત્સવપૂર્વક ઉજવાઇ હતી; સં. ૧૮૯૩ મહાવદિ ૨ શ્રી સિદ્ધગિરિ ઉપર શેઠ શ્રી મોતીશાહે લાખો રૂપીઆનો વ્યય કરી નિષ્ણાત શિલ્પીઓ પાસે ટુંક બંધાવી પ્રતિમાઓ તૈયાર કરાવી પ્રતિષ્ઠા કરી હતી; અત્યારે ઉક્ત તીર્થમાં સ્થાપત્ય કળાના નમૂનારૂપે ટુંક છે તેનો શતાબ્દિ મહોત્સવ વ્યવસ્થિત રીતે અષ્ટોત્તરી સ્નાત્રના સમારંભપૂર્વક ઉજવાયો હતો.

મુનિરાજ શ્રી દર્શનવિજયજી આદિ ત્રિપુટીના સદુપદેશથી ઉત્તર હિંદુસ્તાનમાં મેરઠ જીલ્લામાં સરધના શહેરમાં સુંદર અને કલામય જિનમંદિરની ભવ્ય સરંજામ સાથે પ્રતિષ્ઠા થઇ હતી. દૂર-દૂરના દેશમાં પણ એ રીતે જિનદર્શનની પ્રભાવના થઇ છે; વ્યાખ્યાનો, જિનપૂજા-સ્વામિવાત્સલ્ય-બંધુપ્રેમ વગેરે વિષયો ઉપર થયા હતા જે ખાસ નોંધવા લાયક છે. ઉક્ત મુનિ ત્રિપુટી દૂર દેશોમાં વિહાર કરી જૈનેતરોને જૈનધર્મમાં જોડવાનો પણ ઉચિત પ્રયાસ કરી રહી છે એ જૈન સમાજને માટે આનંદનો વિષય છે.

ગતવર્ષમાં ધૂલીઆ-ખાનદેશમાં-સર્વધર્મપરિષદ્નો મેળાવડો થયો હતો; તેમાં જૈનદર્શનના નિબંધો પણ વંચાયા હતા. સતના મુકામે પ્રો૦ હીરાલાલજી દિગંબરના અધ્યક્ષપણા નીચે જૈનસાહિત્ય સંમેલન થયું હતું; શ્વેતાંબર અને દિગંબરના સાહિત્યની વ્યાપક દૃષ્ટિએ વ્યાખ્યા કરતાં તેઓએ જૈન સાહિત્યકારોએ બે રીતે કર્તવ્યો બજાવ્યાની સુંદર વાતો સમજાવી હતી. એક તરફ સંસારનાં દુઃખો અને જીવનની કટુતા તથા બીજી તરફ ચિરસ્થાયી સુખ અને શાંતિનો માર્ગ એ રીતે સંક્ષિપ્તમાં-પ્રકૃતિની-શક્તિ સમજાવી જૈનસાહિત્યકારોએ એ શક્તિ ઉપર કેવો સુંદર વિજય મેળવ્યો તેની યુક્તિ પ્રબોધતાં ઠીક દિગ્દર્શન કરાવ્યું હતું, પરંતુ તે સાથે ઉપસંહારમાં તેમણે કહેલ નીચેના શબ્દો ધ્યાન આપવા જેવા હતાઃ "નવીન સાહિત્ય જેવું આપણી પાસે શું છે ? કંઇ લખાતું નથી કે છપાતું નથી એમ હું નથી કહેતો, પણ આપણું જૈનસાહિત્ય બીજા સાહિત્ય સાથે ટક્કર ઝીલી શકે એવી પદ્ધતિવાળું મને નથી લાગતું. કાવ્યનો પ્રવાહ તો લગભગ સૂકાઇ ગયો છે, ગદ્યની શક્તિ પણ હરાઇ ગઇ છે; સાહિત્યમાં જે પ્રેરણા રહેવી જોઇએ તે શૂન્યવત્ બની છે, ધર્મની ભક્તિ છે પણ સિદ્ધાંત પ્રમાણે ચાલવાની શક્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી દેખાતી, ઉઠવાની અભિલાષા છે પણ પ્રયત્ન કરવાનું જાણે કે મન નથી થતું" આ શબ્દો સાહિત્યવિષયક શિથિલતા માટે વિચારીને જૈનસમાજે જાગૃત થવાની સવિશેષ જરૂર છે, તેમજ સર્વધર્મપરિષદોમાં અન્યદર્શનના મુકાબલે જૈનદર્શનને સત્યસ્વરૂપમાં રજૂ કરી શકે તેવા વિદ્વાનો ઉત્પન્ન કરવાની અભિલાષાઓ પાર પડે તો જૈનદર્શનની વાસ્તવિક પ્રભાવના કરી શકાય. હાલમાં ધારાસભામાં પ્રજાકીય પ્રધાનમંડળની ચુંટણીમાં એક પણ શ્વેતાંબર જૈન અગ્રપદે નથી એ સૂચવે છે કે જૈનોની રાજકીય દષ્ટિએ કેટલી અલ્પ પ્રગતિ છે? લોકશક્તિની આરાધના હોય તો પ્રજાવર્ગ અંતરના અકૃત્રિયમ સદ્દભાવથી સન્માને, એકાદ દિગંબર જૈનનું અસ્તિત્વ પ્રધાનમંડળમાં છે એ જૈન તરીકે ગૌરવ લેવા જેવું ખરૂં!

જૈન કોન્ફરન્સના આરંભના અધિવેશનો અને તેમાં ઉભરાતો જૈન સમાજનો ઉલ્લાસ એ ગઇ કાલનો વિષય બની ગયો છે; સમાજ નકામા લોહી-ઉકાળાથી કંટાળી ગયો છે; જૈન કોન્ફરન્સ વ્યાવહારિક રીતે અમલમાં આવી શકે એવી નક્કર (Solid) યોજના ધરી શકે અને એની સફળતા માટે જોઇતો ભોગ દઇ શકે તો સમાજનો મોટો ભાગ તેની પડખે રહેવા આતુર છે; જો સર્વમાન્ય ધ્યેય કોન્ફરન્સ રજુ કરે તો સર્વવર્ગ એકદિલ સંગઠિત બની જાય અને કોન્ફરન્સના સંદેશા ઝીલ્યા વગર ન રહે: વાણી વચન અને ઠરાવોના ઉભરા પાલવે તેવું નથી, જૈન કોન્ફરન્સનો પુનરૂદ્ધાર ઉપરોક્ત રીતે શકય બની શકશે એમ અમો માનીએ છીએ. હાલમાં એક ઉત્સાહી બંધુ રાંધનપુરનિવાસી શેઠ કાન્તિલાલભાઇએ સમય વિચારી રૂા. પચીશ હજાર રૂપીઆ જેવી રકમ ધાર્મિક કેળવણીના ઉદ્ધાર નિમિતે કોન્ફરન્સને આપી પોતાની સેવા ઉત્સાહપૂર્વક આપી છે તે ખુશી થવા જેવું છે.

તદુપરાંત ખેદજનક બિના નોંધ્યા સિવાય રહી શકાતું નથી; કેમકે હાલેમાં પર્યુષણ પર્વની શરૂઆત ચાલુ મહિનામાં થશે. આ ધાર્મિક આરાધનાનું માંગલિક પર્વ છે; પર્યુષણ પર્વની પવિત્રતા અને સંવત્સરીની આત્મશુદ્ધિ સહુને સમજાય છે; પરંતુ નથી સમજાતો બુધવાર અને ગુરૂવારનો સાંવત્સરિક ઝઘડો. આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ લીધું છે; પેપરોમાં કોલમોના કોલમો પરસ્પર ખંડનમંડનના ભરાઇ ગયા છે. મુનિ મહારાજાઓ અને ગૃહસ્થોએ પણ પરસ્પર પુષ્કળ દલીલોપૂર્વક તેમજ આક્ષેપોપૂર્વક અહંમન્યતા સ્થાપન કરેલી છે. આમાંથી જો આચાર્યોએ એકત્ર મળીને પ્રથમથી નિચોડ કાઢી સમાજને માટે સંવત્સરી સંબંધી ગમે તે નિર્ણય કર્યો હોત તો સમાજ શાંતિપૂર્વક પર્વાધન કરો શકત; પરંતુ સમાજનું દુર્ભાગ્ય છે કે આવા પ્રકારની એકત્રતા સંભવિત બની નથી અને જૈનેતર દષ્ટિએ પણ ધર્મનાયકોમાં નિર્નાયકપણું દેખાઇ આવ્યું છે. જૈન શાસન સંઘશાસન છે; સંઘ શક્તિના વિકાસ અર્થે જ પર્વો અને તિથિઓ દરમ્યાન એકવાકયતા જણાય એવી પ્રાચીન મુનિવરોએ સંઘટના યોજી છે, હવે જ્યારે આચાર્યોએ પરસ્પર મળી સંવત્સરીનો એક જ દિવસ જૈન સંઘ માટે જાહેર કર્યો નથી ત્યારે જૈન સંઘોએ આગ્રહને તિલાંજલિ આપી એના શાસ્ત્ર પ્રમાણ, પરંપરા અને બહુમતિની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માન્યતા અનુસાર સ્વતંત્ર માર્ગે જવાની સગવડ કરી આપવી જોઇએ. જૈન અહમદ-મિકાના વિવાદો અને વિરોધોનો તોફાની વાયુ શમી જઇ શાંતિપૂર્વક સાચા હૃદયથી સહુ કોઇ ખમતખામણાં કરી પવરાધન કરી શકે એવી પ્રાર્થના છે.

ગતવર્ષના સંસ્મરણોમાં આ સભા તરફ સહાયદૃષ્ટિ રાખનાર વયોવૃદ્ધ મુનિરાજશ્રી સુમતિવિજયજી મહારાજ સ્વ૦ મુ૦ હંસવિજયજીના શિષ્ય પં. સંપતવિજયજી મહારાજ, સાહિત્યરત્ન મુ૦ હિમાંશુવિજયજી, ઉ૦ શ્રી પ્રેમવિજયજી અને મુ૦ અમરવિજયજી તથા ગૃહસ્થ રા૦ કમળસીભાઇ ગુલાબચંદ વિગેરેના થયેલા અવસાનોની સ્મરણાંજલિ સાથે દિલગીરીપૂર્વક નોંધ લેવામાં આવે છે.

## —લેખદર્શન—

ગત વર્ષમાં ૧૨ પદ્ય લેખો અને ૪૯ ગદ્ય લેખો તેમાં સ્વીકાર અને સમાલોચનાના ૯ લેખો, વર્તમાન સમાચારના ૭ લેખો અને ચર્ચાપત્રના ત્રણ લેખોનો સમાવેશ થાય છે. આ તમામ ગદ્ય લેખોના પ્રેરકો સન્મિત્ર મુ૦ કર્પૂરવિજયજી મહારાજ, મુ૦ન્યાયવિજયજી મહારાજ, રા. વિઠલદાસ મૂળચંદ, શાહ બી.એ. રા. રાજપાલ મગનલાલ વહોરા, રા. પૂર્ણચંદ્ર નહાર, રા. મોહનલાલ દીપચંદ ચોકસી. મુ. હિમાંશુવિજયજી મહારાજ,રા. વલ્લભદાસ ગાંધી અને રા.ભગવાનદાસ મનસુખલાલ મહેતા વિગેરે છે; તેમજ પદ્ય કાવ્યોના પ્રેરકો સ. મુ કર્પૂરવિજયજી, સ્વ૦ અજિતસાગરસૂરિ, મુ૦ રંગવિજયજી રા૦ ભગવાનદાસ મહેતા, રા. ચંદ, રા. બાબુલાલ પાનાચંદ વિગેરે છે: આ તમામ લેખોમાં સ્વયંસ્ફુરિત, ભાવવાહી, સંગૃહિત, અનુવાદિત અને સમશ્લોકી રૂપે ભિન્ન ભિન્ન દૃષ્ટિએ છે અને એકંદરે બોધ પ્રદ શૈલીથી પૂર્ણ છે. પરંતુ તે લેખોની અસર વાંચકવર્ગ ઉપર કેવી પ્રકટી છે તે ઉપર તેની સાર્થકતાનો મુખ્ય આધાર છે, પરંતુ ભવિષ્યના વાંચકો માટે પણ ઉપયોગી પરિણામ ઉત્પન્ન કરવાની સદાશાઓ ઉપર અવલંબે છે; જેથી પ્રસ્તુત લેખકોના લેખોને ન્યાય-ભૂત, ભવિષ્ય અને વર્તમાનના વાચક-ગણોના આત્માના પરિણામિક ભાવોને સમર્પીએ છીએ સમ્યગ્ જ્ઞાનની કુંચીના ૧૧ લેખોએ તત્ત્વજ્ઞાનના ( philosophy ) ગ્રંથનો સુંદર અનુવાદ છે; જે મૂળ ઇંગ્લીશમાં લેખ વિદ્વાન બાબુશ્રી ચંપતરાયજી જૈની બેરીસ્ટર-એટ-લો છે જે વિદ્વત્તાપૂર્ણ જૈનેતર દર્શન અને પશ્ચિમાત્ય વિદ્વાનોના વિચારોથી તુલનાત્મક દ્રષ્ટિએ લખેલાં છે. આ૦ શ્રી વિજયવલ્લભસૂરિજીએ એક લેખમાં સાંવત્સરિક પર્વ ગુરૂવારે કરવાનો સમાજને સત્તાવાર ખુલાસો ગુરૂપરંપરાપૂર્વકનો પોતાની સહી સાથે દલીલપૂર્વક આપી દીધો છે; તેઓશ્રીનું ચાતુર્માસ આ વખતે ખંભાતમાં છે. તેઓશ્રી ત્યાંના જૈન ભંડારની શોધખોળનું કામ હાથમાં લેવાના છે તેમ જાણવામાં આવ્યું છે તો તેથી જૈન જગતને નવીન પ્રકાશ મળવા સંભવિત છે. મુખપૃષ્ઠ ઉપર શ્રીમદ્ ઉમાસ્વાતિ વાચકકૃત તત્ત્વાર્થનો સ્વોપજ્ઞ ભાષ્યમાંથી શ્લોક છે જેમાં માનવ-જીવનનો સાર સંક્ષિપ્તમાં સમાઇ જાય છે.

## —ભાવના—

પ્રસ્તુત નવીન વર્ષમાં ધર્મજીવનમાં બળની પ્રગતિ થાય તેવી સુંદર શૈલિથી લેખો આપવા ઇચ્છા રાખીએ છીએ. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા અને કેળવણીની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રગતિ વિશેષ પ્રમાણમાં પ્રકટી આત્માનુભવની ઝાંખી થાય તેવા હેતુપુરસ્સર નવીન વર્ષમાં લેખો આવશે. આ અમારી ભાવનાની સફળતા સાક્ષર લેખકો ઉપર નિર્ભર છે; પરમપૂજ્ય મુનિશ્રી લેખકો તેમજ સાક્ષર ગૃહસ્થ લેખકોનો પ્રસ્તુત પત્ર સાથે સહાનુભૂતિ ધરાવનાર તરીકે આભાર માનીએ છીએ તેમજ નવીન વર્ષમાં અમારી ભાવનાઓને વિશેષ બળ મળે તેવી વિચાર-પ્રણાલિકાને લંબાવી જૈનસમાજને વિશેષ ઉપયોગી લેખો આપવા સાદર નિમંત્રીએ છીએ.

## —અંતિમ પ્રાર્થના—

કવિસમ્રાટ શ્રી રવીંદ્રનાથ ટાગોરે કલકત્તાની સર્વધર્મ પરિષદના પ્રમુખસ્થાનેથી કહ્યું છે કે " ધર્મ એ આત્માનો આહાર છે; કોઇ પણ પ્રજા ધર્મભાવના વગર જીવી ન શકે; સંપૂર્ણ મુક્તિનો અર્થ જ એ છે કે પ્રાણીમાત્ર સાથેનો સંવાદીયોગ, વસ્તુગત સત્યની સંપૂર્ણ ઉપલબ્ધિમાં જ આત્મસ્વાતંત્ર્યની ચરિતાર્થના છે. " આ નિવેદન સાથે અમારો સૂર પૂરીએ છીએ કે પ્રાણીમાત્રને પોતાનું પ્રતિબિંબ મેળવ્યા સિવાય આનંદ નથી; આનંદ એ આત્માનું જીવન છે; આત્મા તેને બહિઃપ્રદેશમાં શોધે છે-અનંતકાળથી શોધે છે. પરંતુ સ્વરૂપના લાભ વગર સાચો આનંદ નથી; તે આત્માનું સ્વાભાવિક સ્થળ છે; અનંતકાળના બહિરાત્મ ભાવના અભ્યાસથી ઘણા સંક્ષોભો માર્ગમાં છે, પણ દ્રઢતાથી આત્મજાગૃતિપૂર્વક અંતરાત્માના અવલોકનમાં (introspection) પ્રયત્ન કરવાથી પરમાત્મજીવન પ્રતિબિંબિત થશે; મનુષ્યજીવનનું ત્યાં જ પરમસાફલ્ય છે; એવી જ રત્નત્રયીના માર્ગે કર્મના સંપૂર્ણ ક્ષયથી પ્રકટેલો ક્ષાયિક પરિણામ અંતિમ વિરામસ્થાન મેળવી શકાય છે; આ પરમાત્મસ્વરૂપ આત્માનો પ્રકાશ પ્રાપ્ત કરવાની વિકસિત (magnified) કળા પ્રત્યેક વાચક પ્રાપ્ત કરે એ ભાવના સાથે પરમ તીર્થાધિપતિ **શ્રી વર્દ્ધમાન** સ્વામીના અધિષ્ઠાયક દેવ પ્રતિ મંગળમય પ્રાર્થના છે કે અમારી અપૂર્ણતાઓને દૃઢબળથી છેદવા, મૈત્રી પ્રમોદ, વિગેરે ભાવનાઓમાં સહાયક થવા, વિશુદ્ધ દેવગુરૂ ધર્મમાં ભક્તિનું વીર્ય સમર્પવા, માનસિક તુચ્છવૃત્તિઓથી પર રાખી શકવાનું બળ ધીરવા, અને મૃત્યુ કે વહેલાં મોડાં અવશ્ય સંસારી આત્માઓને માટે જે સર્જિત છે છે તેથી કમકમી ઊઠતા આત્માઓના દુઃખમાં આત્માના અમરત્વનું ભાન આપી સહન કરવાની શક્તિ પૂરવા પ્રેરક બનો એ અંતિમ પ્રાર્થના સાથે શ્રી જિનેંદ્રને સ્તુતિ-શ્લોક સાદર કરી વિરમીએ છીએ.

**पान्तु वः श्रीजिनेन्द्रस्य मुखपद्मद्रहोत्थिताः ।**
**पञ्चत्रिंशत्तमे वर्षे तावद्गुणगणा गिरः ॥**

ॐ शांति ३.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાકવિશ્રી ધનપાલપ્રણીત—

# ઋષભ પંચાશિકા

## સમશ્લોકી અનુવાદ ( સવિવેચન )

[ ગતાંક વર્ષ ૩૪ના પૃષ્ઠ ૧૨૬ થી શરૂ ]

**જેથી તમની તપનિધિ ! ઉપજે પરમ શ્રદ્ધા તુ જ મહીં;**
**તેહ દુઃખો હું માનું, કર્મ અધર્મનું હોય નહિં. ૩૪**

હે તપોનિધિ ! જે દુઃખોવડે તાપ પામેલા જીવોની ત્હારા પ્રત્યે પરમ શ્રદ્ધા જન્મે છે, તે દુઃખો અધર્મનું કાર્ય હોય નહિં એમ હું માનું છું.

અત્રે કવિએ સારગ્રહી દષ્ટિથી પ્રદર્શિત કર્યું છે કે જે દુઃખોથી સંતપ્ત થતા જીવોને ત્હારા પ્રત્યે પરમ શ્રદ્ધા ઉપજે તે દુઃખો હું માનું છું કે અધર્મનું કાર્ય હોય નહિં, એટલે કે તે પાપનું પરિણામ હોય નહિં; બલ્કે પુણ્યનું પરિણામ હોવું જોઇએ.

વીતરાગ દેવ પ્રત્યે શ્રદ્ધા–ભક્તિ ઉદ્‌ભવવી એ પુણ્યાનુબંધી પુણ્યના પરિણામનું કાર્ય છે. એ ન હોય તો એવી ભક્તિ ઉપજવાનું નિમિત્ત મળે નહિં. કદાચિત બહિરંગથી દુઃખ હોય તોપણ તે મહત્ત્વનું નથી, કારણ કે શ્રદ્ધા ઉપજવા યોગ્ય મહત્ પુણ્ય તેની પાસે છે. આમ સદાશયગ્રાહી ( Optimistic ) દૃષ્ટિથી પ્રતિભાસે છે.

પ્રકારાંતરથી વિચારીએ તો–

**"સુખે સાંભરે સોની, દુઃખે સાંભરે રામ."**

એ લોકોક્તિ પ્રમાણે દુઃખી અવસ્થામાં પ્રભુભક્તિ વિશેષ સ્ફુરાયમાન થતી હશે. દુઃખ કોઇ અપેક્ષાએ આશીર્વાદરૂપ થઇ પડે છે. ( Blessing in disguise ) કવીશ્વર રાજચંદ્રજીએ પ્રકાશ્યું છે કેઃ—

**"પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન.**
**ગુરૂ ઓળખવા ઘટ વૈરાગ્ય, તેહ ઉપજવા પૂર્વિત ભાગ્ય;**
**તેમ નહિં તો કંઇ સતસંગ, તેમ નહિં તો કંઇ દુઃખરંગ."**

જેના વડે કરીને પુણ્યનો અનુબંધ થાય તે પાપ પણ અપેક્ષાએ પુણ્યરૂપ સમજવું. પુણ્યાનુબંધી પાપ જે કહેવાય છે તે આ. પાપ–પુણ્યના ચાર ભંગ કહ્યા છે. તેમાં પુણ્યાનુબંધી પુણ્ય સર્વોત્કૃષ્ટ છે, તેથી ઉત્તરોતર કનિષ્ઠરૂપે પુણ્યાનુબંધી પાપ, પાપાનુબંધી પુણ્ય અને પાપાનુબંધી પાપ સમજવા. ૩૪.

**તુજ સેવાથી નિશ્ચે, મોહછેદ થશે. તેથી આનંદું;**
**પણ ત્યાં વંદનીય ન તું, તેથી ઝુરૂં છું જિનઇંદુ ! ૩૫.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્હારી સેવાવડે કરીને અવશ્ય મોહનો નાશ થશે, તેથી હું આનંદ પામું છું; પણ ત્યાં તું વંદન યોગ્ય નથી તેથી હું ઝુરૂં છું-ખેદ ધરૂં છું.

જે જેવાને ભજે તે તેવો થાય એ ન્યાયે, અથવા આત્મા જે ભાવે પરિણામે તે પરિણામિક ભાવની અપેક્ષાએ, નિર્મોહ એવા વીતરાગદેવની સેવાથી ભજનાથી મોહનો ઉચ્છેદ અવશ્ય થાય છે.

" જિન થઇ જિનને આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૂંગી ઇલિકાને ચટકાવે, તે ભૂંગી જગ જોવે રે. "

અવધૂત શ્રી આનંદઘનજી.

આમ જિનભક્તિથી મોહનો ક્ષય અવશ્ય થશે, તેથી તો મને આનંદ થાય છે; પણ જ્યારે એવી નિર્મોહ દશા-વીતરાગતા પ્રગટે ત્યારે તો તું વંદન કરવા યોગ્ય પણ રહેતો નથી, તેથી કરીને મને ખેદ ઉપજે છે; કારણ કે પરમ પૂજ્ય એવો તું પણ જ્યાં પૂજ્ય રહેતો નથી તે ખેદનો વિષય છે. આમ પરસ્પર વિરોધી ભાવ મને ઉપજતા હોઇ વિમાસણ થઇ પડે છે કે મ્હારે શું કરવું ?

જ્યારે જીવ વીતરાગ દેવની ભક્તિવડે કરીને વીતરાગતા ધારણ કરી પોતાના શુદ્ધ આત્મતત્વને પામે છે, સહજાત્મ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યસ્વામી બને છે, ત્યારે પછી તેને વંદ્ય-વંદક ભાવ રહેતો નથી, પોતે જ વંદ્ય થઇ પડે છે, ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એક થાય છે, ઉપાસ્ય-ઉપાસકપણાનો ભેદ રહેતો નથી. જીવ જિનસ્વરૂપ બને છે. ત્યારે આવી દશા પ્રગટે છેઃ—

"દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત."

શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ.

"અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;
અમિત ફલ દાન દાતારની, જેહને ભેટ થઇ તુજ રે."

શ્રી આનંદઘનજી.

" ધ્યાતા રે ધ્યેય સ્વરૂપ હોવે પછે જી. "

—શ્રી યશોવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

જૈન દૃષ્ટિએ અન્ય દર્શનો અને પાશ્ચાત્ય વિદ્વાનોના મંતવ્યોનું તુલનાત્મક દૃષ્ટિએ આપેલ જૈન દર્શનના તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ ( **અનુવાદ** )

મૂળ લેખક **શ્રીયુત્ ચંપતરાય જૈની** બારીસ્ટર એટલો.

## આત્માનું અધઃપતન

## ધર્મ–વિમુખતાનાં સંભાવ્ય કારણો.

"પરમાત્મા સાથે કોઇ પણ મનુષ્યનું સાયુજ્ય કરનાર મનુષ્ય દેવ જેવો છે."—**અલ કુરાન.**

આત્માનું અધઃપતન હજારો કારણે થાય છે. જે જે સંસારી આત્માઓ છે તે સર્વ અધઃપતનને કારણે જ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. અજ્ઞાન, આશંકા, મોહભાવ, કષાય આદિને વશ થઇને આત્મા કલુષિત બને છે. આવી કલુષિત અને અધઃપતન યુક્ત સ્થિતિમાં આત્માનું સર્વ રીતે સત્યાનાશ વળે છે. મનુષ્યનું જીવન ભયભીત બને છે. વિનાશક પરિસ્થિતિઓનો તેને નિરંતર અનુભવ કરવો પડે છે. બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. વિવેક–શક્તિનો વિનાશ થાય છે. આધિ અને ઉપાધિનું અધિરાજ્ય જામે છે. અંધશ્રદ્ધા અને કદાગ્રહને કારણે મનુષ્યનું સર્વથા નિકંદન વળે છે. આથી જે મનુષ્યોએ આત્માનાં અધઃપતનથી પર થવું હોય, પોતાનું વાસ્તવિક કલ્યાણ સાધવું હોય તેમણે આત્માનાં અધઃપતનનાં કારણોનું યથાર્થ નિવારણ કરી સદ્ધર્મપંથે સંચરવું ઘટે છે.

આત્માનાં અધઃપતનનો માર્ગ સદાકાળ અનેક આપત્તિઓથી ભરેલો જ રહે છે. એ માર્ગમાં સુખની પ્રાપ્તિ અશકય થઈ પડે છે. સર્વત્ર ભીષણ દુઃખનો જ અનુભવ થયા કરે છે. આ કંટકપૂર્ણ અને વક્ર માર્ગમાં પ્રજ્ઞતાની પ્રાપ્તિ વિરલ થઇ પડે છે. વિવેકશક્તિ દુર્લભ બને છે. આત્માના રિપુઓ સામે સામનો કરવાનું કાર્ય અત્યંત વિકટ બને છે. આત્માના અરિઓનું પ્રાબલ્ય પ્રવર્ત્તે છે. અનાત્મયતાનો અંધકાર સર્વત્ર દ્રષ્ટિગોચર થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માને સત્ય માર્ગની ઝાંખી પણ નથી થતી. આત્મા દુઃખ. અજ્ઞાન અને અંધકારમાં નિશદિન ટળવળ્યા કરે છે.

પુરાણો અને એવા જ બીજા ધર્મગ્રંથો પ્રાયઃ બુદ્ધિ અને સત્ય જ્ઞાનનું આવરણ કરે છે. તેથી જ્ઞાનને બદલે જ્ઞાનની છાયા પણ ભાગ્યે જ પ્રાપ્ત થાય છે. અસત્ય માર્ગદર્શનથી આત્માનું અનેક રીતે અધઃપતન થાય છે. પ્લેટોના કેદીઓને ભોંયરામાં પૂરી રાખવામાં આવતા જેથી તેઓ દુનિયા સંબંધી ભાગ્યે જ કંઈ જ્ઞાન પ્રાપ્ત કરી શકતા. પુરાણ આદિ રૂપ ગંભીર ગુહાઓમાં પ્રવિષ્ટ થનાર મનુષ્યોની પણ બુદ્ધિ અને જ્ઞાનની દ્રષ્ટિએ પ્લૅટોના કેદીઓ જેવી જ સ્થિતિ થાય છે. તેમની બુદ્ધિ કુંઠિત થઇ જાય છે. જ્ઞાનને બદલે અજ્ઞાનનાં ઘોર તિમિર પથરાય છે. જ્ઞાનનું દર્શન પણ તેમને થઇ શકતું નથી.

આજના સંસ્કૃતિ-યુગમાં જનતાનું જ્ઞાન જેમ વધતું જાય છે તેમ લોકોની પુરાણ આદિ પ્રત્યેની શ્રદ્ધા ઘટતી જાય છે. પુરાણ આદિ ગ્રંથો કેટલાકને છેક ઉપહાસપાત્ર લાગે છે. પુરાણ આદિમાં મનુષ્યને પરમ દેવત્વની પ્રાપ્તિનો અર્થાત્ સંભાવ્ય પ્રાપ્તિનો નિર્દેશ પણ નથી.

આ બધું યે છતાં પુરાણો વિગેરેનું મહત્ત્વ કંઇક તો છે જ. પુરાણ વિગેરેમાં નિર્દિષ્ટ કરેલાં કેટલાંક મંતવ્યો અસત્ય નથી હોતાં. પુરાણોમાં વર્ણવેલા કેટલાક પ્રસંગોનું રહસ્ય થોડીક વિચારણાને પરિણામે જાણી શકાય તેમ છે. પુરાણ ગ્રંથોના કેટલાક પ્રસંગો એવા હોય છે, જેનું રહસ્ય સતત ઉદ્યોગ અને અભ્યાસથી જ પ્રાપ્ત થઇ શકે છે.

ગ્રીક પુરાણોમાં એકો અને નાર્સીસસની એક વાત આવે છે. સ્વલ્પ વિચારણાથી કોઈ પ્રસંગનું રહસ્ય બોધગમ્ય કેમ થાય છે તેનું દ્રષ્ટાન્ત આ કલ્પિત વાર્ત્તા ઉપરથી સહજ મળી રહે છે. આ વાર્ત્તામાં વનદેવીનું સ્વરૂપ એવું આપવામાં આવેલ છે કે, વનદેવી બીજા કોઇનો અવાજ થાય, બીજું કોઈ બોલે તેના પ્રત્યુત્તરરૂપે જ (તેઓ) બોલી શકે છે. કોઇ બીજા અવાજના પ્રાદુર્ભાવ વિના તેમનાથી બોલી શકાતું નથી. તેમનાથી આત્મસંબોધન (સ્વોક્તિ) થઇ શકતું નથી. એકલા બોલી શકાતું નથી. અન્ય કોઇ પ્રાણીની વાણી ઉદ્ભવ વિના તેમનાથી એક શબ્દ પણ બોલી નથી શકાતો. વનદેવીની આ સર્વ સ્થિતિ પ્રતિધ્વનિના સ્વરૂપનું યથાર્થ નિદર્શન કરે છે. એકો (Echo) એટલે પ્રતિધ્વનિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વાર્તામાં નાર્સીસસ એટલે વ્યર્થ અભિમાન અર્થાત્ અહંતાની મૂર્તિ એમ પ્રત્યક્ષ થઇ શકે છે. નાર્સીસસને પોતાની જલાંતરિત પ્રતિચ્છાયાનું આલિંગન થઇ જવાના પ્રયત્નથી દુઃખ થાય છે, એ તેની અભિમાનવૃત્તિની પ્રતીતિરૂપ છે:

વિષ્ણુની પત્ની લક્ષ્મીજીના સંબંધમાં હિન્દુઓનું જે મંતવ્ય છે તેનું રહસ્ય સ્હેજ વિચારથી સમજી શકાય છે. લક્ષ્મી એટલે ધન પ્રજ્ઞાને લક્ષ્મીની સહચરીરૂપ મનાય છે. આમ છતાં ગાયત્રીના અભિશ્રાપને પરિણામે લક્ષ્મી સદા ચંચળ રહે છે. તેનું સ્થાનાન્તર નિરંતર થયા જ કરે છે. વળી સામાન્ય રીતે દુષ્ટ, નિર્ઘૃણ, મૂર્ખ, દુરાચારી અને મ્લેચ્છ મનુષ્યો લક્ષ્મીવાન હોય છે એમ માલૂમ પડે છે. આ સર્વ ઉપરથી લક્ષ્મીનું સ્વરૂપ યથાયોગ્ય રીતે મળી રહે છે.

એરેકની અને પેલાસ એથીનીની સ્પર્દ્ધાનું દ્રષ્ટાન્ત બીજા પ્રકારનું એટલે જેનું રહસ્ય ખૂબ અભ્યાસ અને અનેરા ઉત્સાહથી સમજાય તેવું છે. પેલાસ-એથીની એટલે જ્ઞાનદેવી (સરસ્વતી). એરેકની એ એક સુપ્રસિદ્ધ રંગરેજની કન્યા હતી.

એરેકની વણાટ વિગેરેનું કામ એટલું બધું સુંદર કરી શક્તિ હતી કે તેની ખ્યાતિ સર્વત્ર જામી હતી. ખુદ જ્ઞાનદેવીનો પણ એરેકનીનાં સુંદર કામની નામનાથી તેનું કામ જાતે જોવાની ઇચ્છા થઇ. જ્ઞાનદેવીએ આવી એરેકનીનાં કામની પરીક્ષા કરી. એરીકનીને પોતાનાં કાર્ય અને કાર્યશક્તિનું એટલું બધું અભિમાન હતું કે કોઈ દેવીની પ્રેરણા કે કૃપાથી પોતાનું કાર્ય સરસ રીતે થઇ શકે છે એમ કહેવાની પણ તેણે સાફ ના પાડી. દેવીનો તિરસ્કાર પણ કર્યો. આથી દેવીએ આવેશમાં આવી જઈને સ્પર્દ્ધાનું આહ્વાન કર્યું એરેકનીએ આહ્વાનનો સ્વીકાર કરતાં બન્ને વચ્ચે સ્પર્દ્ધાનો પ્રારંભ પણ થયો.

બન્નેએ પોતપોતાની સાળો ઉપર વિદ્યુત્વેગે કાર્યનો આરંભ કર્યો. વણાટકામમાં બન્નેએ વિવિધ રંગોયુક્ત મનોહર દ્રશ્યો પણ કર્યાં. દેવીએ દેવો અને માનવોનું દ્રશ્ય ખડું કર્યું હતું અને એ દ્રશ્યમાં દેવીનું કવચ-ધારી સ્વકીય દ્રશ્ય અત્યંત આકર્ષક જણાતું હતું. મનુષ્યોનાં આલેખનમાં નાસ્તિકતાજન્ય સંક્ષોભદશાનો ભાસ થતો હતો. દેવોનો વિરોધ કરતી કન્યાઓને પક્ષીરૂપે આલેખવામાં આવી હતી. દેવીએ પોતાનું બધું યે કામ સુંદર છે એવું એરીકનીને ગર્ભિત રીતે સૂચન કરવાના ઉદ્દેશથી જ કન્યાઓનું આલેખન પક્ષીઓરૂપે કર્યું હતું અને એ રીતે વિરોધી કન્યાઓનું અપમાન પણ કર્યું હતું. શું દેવીનું અભિમાન! કી દેવીની ધૃષ્ટતા!!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આધ્યાત્મિક ભૂખ.

અનુ૦ અભ્યાસી

શારીરિક ભૂખનો અનુભવ તો સૌ કોઈ પ્રાણીને હોય છે. ક્ષુધાશાન્તિની આખા દિવસમાં એક વાર તો જરૂર હોય જ છે. વખતસર ભોજન ન મળવાથી બેચેની જણાવા લાગે છે. એક બે દિવસ ભોજન ન મળતાં માણસ આકુળવ્યાકુળ થઈ જાય છે. જો સ્વેચ્છા અથવા વિવશતાથી કેટલાક દિવસો સુધી અનશન કરવું પડે તો મનુષ્યનો દેહ છૂટી જાય છે. એવી જ રીતે માત્ર પેટ જ નહિં પણ આપણી સઘળી ઈન્દ્રિયો પોતપોતાના ભોગ્ય પદાર્થોને

---

એરેકનીના આલેખન–કાર્યમાં દેવોનું સંપૂર્ણ લજ્જાસ્પદ દ્રશ્ય પ્રતીત થતું હતું. માનવ સ્ત્રીઓ સાથે પ્રેમ કરવાના આશયથી દેવોની મૃત્યુભૂમિ (મર્ત્ય લોક) ઉપર ક્ષુદ્ર સેવાવૃત્તિ, દેવોની મદ્યપાનની તીવ્ર ઇચ્છા અને તેથી થતાં અનેક દુષ્પરિણામ એ વિગેરેનો આબેહુબ ચિતાર એરીકનીનાં આલેખન–કાર્ય ઉપરથી આવી શકતો હતો.

દેવી ને દેવોની દશા વિષે નગ્નસત્ય રજૂ કરતું આ ચિત્ર ઘોર અપમાનજનક લાગ્યું. તેના રોષનો પાર ન રહ્યો. તેણે ચિત્રના કકડે કકડા કરી નાખ્યા. આખરે તેણે એરેકનીના ઉપર મુષ્ટિનો પ્રહાર પણ શરૂ કર્યો.

એરેકની દેવીના મૂક મારથી ત્રાસીને પલાયન થઇ ગઈ. મૃત્યુની તેને વાંચ્છના થઈ, પણ દેવી તેને મરવા દે તેમ ન હતી. દેવીના શ્રાપથી તેનું શરીર ફુલી ઊઠયું. કેટલાક અંગો અદ્રશ્ય થયા. વાળ ખરી પડયા. એરીક ની આ અત્યંત કરૂણ સ્થિતિમાં દેવીએ તેને કરોળીયાની જેમ કાંતવાનું કામ હંમેશને માટે સોંપ્યું.* દેવીની આ નિર્ઘૃણુતા ખરેખર નિ:સીમ હતી. દેવીની એ નિર્ઘૃણુતા વર્ણનાતીત જ હતી એમ નિ:શંક રીતે કહી શકાય. નિર્ઘૃણુતાની પ્રતિમૂર્તિરૂપ દેવીએ એરેકનીને કષ્ટ આપવામાં કંઇ પણ પાછી પાની ન જ કરી.

પ્રજ્ઞાદેવી અને મનુષ્ય વચ્ચેની સ્પર્ધાનું રહસ્ય આ વાર્તા ઉપરથી પ્રાપ્ત થાય છે. વણાટ અને કાપડ કામમાં એશીયાની ગ્રીક ઉપર પ્રાયઃ સર્વોપરિતા હોવાનું વાર્ત્તા ઉપરથી સચોટ રીતે નિષ્પન્ન થાય છે. ઉપરોક્ત દંતકથાનું આધ્યાત્મિક રહસ્ય હવે પછી. (ચાલુ)

---

* The classical Myth and Legend by A. R. Hope Moncrieff.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે વિકલ રહે છે. તેઓ હંમેશા પોતાની તૃપ્તિ માટે પ્રયત્નશીલ જોવામાં આવે છે અને એને માટે કોઈપણ પીડા અસહ્ય બને છે.

એ રીતે આપણું પાંચ ભૌતિક શરીર પ્રતિક્ષણ ભૂખથી આક્રાન્ત રહે છે. હવે પ્રશ્ન એ થાય છે કે ભૌતિક ક્ષુધા તો એટલી બધી વેગવાળી હોય છે, પરંતુ એટલી જ તીવ્રતાથી આધ્યાત્મિક ભૂખનો અનુભવ કેમ નથી થયો ? મનુષ્યથી નીચી કોટિના અસંખ્ય પ્રાણીઓમાં અધ્યાત્મ ચિન્તનનો અત્યન્ત અભાવ હોય છે એમ સૌ વિચારકો માને છે. મનુષ્યમાં પણ મોટે ભાગે શરીર–પોષણ સિવાય બીજા કોઇ તત્વની ચિન્તા માલૂમ પડતી નથી. ઘણા લોકોને પરંપરાના સંસ્કારથી અધ્યાત્મનો ઝાંખો આભાસ માત્ર થાય છે, પરંતુ તેઓની તેથી વધારે દિલચસ્પી નથી હોતી. કેટલાક વિદ્વાનોને અધ્યાત્મ વિષયમાં બૌદ્ધિક જિજ્ઞાસા થાય છે, પરંતુ એને માટે તેઓ વ્યાકુળ નથી જણાતા. સંસારમાં એવા લોકો વિરલ હોય છે કે જેઓ પોતાની ભૌતિક આવશ્યકતાઓને ગૌણ રૂપ આપીને અથવા એની અવહેલના કરીને અધ્યાત્મના અન્વેષણમાં એકાન્ત નિષ્ઠાથી સંલગ્ન હોય છે, અને જેઓ આધ્યાત્મિક ભૂખની વેદનાઓ ભૌતિક ક્ષુધાની પીડા કરતાં વધારે તીવ્રતાથી અનુભવ કરે છે. આ સ્થિતિનું કારણ શું છે ? જે ભૌતિકવાદી છે તે એમ બોલી ઉઠશે કે અધ્યાત્મ એવું કોઇ વાસ્તવિક તત્ત્વજ નથી, કિન્તુ ‘ અસાધારણ મન ’ ની કલ્પના માત્ર છે. એ જ કારણથી આપણા જીવનમાં તેનો વ્યાપક અને વાસ્તવિક અનુભવ નથી થતો, પરંતુ સૌ લોકો એનો અનુભવ નથી કરતાં એ ઉપરથી કોઇ તત્ત્વનો નિષેધ નથી થઇ શકતો. સાધારણ માણસો સૂક્ષ્મ ભૌતિક તત્વો નથી જાણતા. સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક એ વાતનો સ્પષ્ટ સ્વીકાર કરે છે કે એવા ઘણાં ભૌતિક તત્ત્વો છે કે જે એના જ્ઞાનપરિધિની બહાર હોય છે. એથી આધ્યાત્મિક તત્ત્વનો અભાવ કેવળ તેના ન જાણવાના કારણે, સિદ્ધ નથી થઇ શકતો. આધ્યાત્મિક ભૂખની તીવ્રતાના અભાવનું બીજું જ કારણ છે.

વસ્તુતઃ શારીરિક ભૂખ અને આધ્યાત્મિક ભૂખમાં મૌલિક અંતર છે. શારીરિક ક્ષુધાની નિવૃત્તિ સ્થૂળ પદાર્થોવડે થાય છે, જે બહારથી ગ્રહણ કરવાની હોય છે. શરીર પોતાની મેળે પોતાની આવશ્યક્તાઓની પૂર્તિ નથી કરી શકતું. એટલા માટે શરીરમાં નાખેલું અન્ન પચી જતાં જ ભોજનના લાંબા વિયોગમાં મનુષ્ય પોતામાં કંઇ ઊણપનો અનુભવ કરે છે અને ખાદ્ય સામગ્રી માટે વ્યાકુળ થઈ જાય છે. એથી ઊલટું આધ્યાત્મિક ભૂખ શરીરની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂખ નથી, આત્માની ભૂખ છે. આત્મતત્વ ભૌતિક અન્નની માફક સ્થૂલ નથી પણ અત્યન્ત સૂક્ષ્મ છે. તે સર્વવ્યાપી છે. એથી તેને બહારથી લાવવાનો પ્રયત્ન પણ નથી કરવો પડતો, જીવાત્મા સ્થૂલ પ્રકૃતિની સાથે જન્મેલા સંસ્કારોને લઇને પોતાને ભૂલી જાય છે, ને પોતાને સહજ પ્રાપ્ત થયેલું, સ્વાભાવિક રૂપ પણ ભૂલી જાય છે. પોતાને જાણવાનો યત્ન એ આધ્યાત્મિક ભૂખ છે. પ્રકૃતિમાં જકડાઇ રહેલાં જીવોમાં આ પ્રયત્નનો ઉદય નથી થતો. એનું એ જ કારણ છે કે સર્વસાધારણ માણસોએ ભૂખનો અનુભવ નથી કરતા જેને એ ભૂખની ખબર પડે છે તેનામાં ક્ષોભ જોવામાં આવતો નથી.

હવે વિચારવાનું એ છે કે આધ્યાત્મિક ભૂખ કોને નથી લાગતી. શારીરિક ભૂખના અભાવનું કારણ તો પ્રાયે કરીને બધા જાણે છે. જે વ્યક્તિની ક્ષુધા કોઇ શારીરિક રોગને લઇને નષ્ટ થઇ ગઇ હોય છે અથવા અન્ન મળવાથી જેની ક્ષુધા શાંત થઇ ગઇ છે તેને ભૂખની ખબર નથી પડતી. એ રીતે નિતાંત મૂઢ અથવા સિદ્ધ જ્ઞાનીને આધ્યાત્મિક ભૂખનો અનુભવ નથી થતો. જે બિલ્કુલ મૂઢ છે, જેની બુદ્ધિ તમોગુણથી બિલ્કુલ આચ્છાદિત થયેલી છે, જે દિવસરાત્ર ભૌતિક વિષય ભોગોમાં લિપ્ત રહે છે અને અને એ રીતે જે અનાત્મામા આત્મબુદ્ધિ કરીને પોતાના વર્તમાન જીવનમાં સંતુષ્ટ હોય છે તેની આધ્યાત્મિક ભૂખ ભવરોગને કારણે મરી જાય છે. તેને આત્માનો આનંદ આકૃષ્ટ નથી કરતો. પછી તેને માટે એ વ્યાકુળ કેમ બને ? જ્ઞાનીને પણ આધ્યાત્મિક ભૂખ સતાવતી નથી, કિન્તુ તેની તૃપ્તિ તુષ્ટિમૂલક છે, અજ્ઞાનમૂલક નથી. તે આત્મવાન હોવાથી આત્મામાં જ રત રહે છે; તેને આનંદ સુધા, સમ્રાટ મળી ગયો છે. તેની બહાર એવું કશું નથી જેથી તે આકાંક્ષા કરે. ને અમૃત પીને શાંત થઇ ગયેલ છે. તેને કોઇ પણ પદાર્થ માટે બોલવાની અથવા પ્રયત્ન કરવાની કશી પણ જરૂર જ નથી રહી.

સાધારણ લોકો તૃપ્ત રહેવા ઇચ્છે છે. તે તો તૃપ્તિને જ્ઞાન અને આનંદથી માપવાનો પ્રયત્ન નથી કરતા તો શું મૂઢ માણસે તમોગુણમાં જ મસ્ત રહેવું જોઇએ ? શું એની એ તૃપ્તિ ઇચ્છવાજોગ છે ? જેને આધ્યાત્મિક આનંદનો આભાસ નથી થયો અને જે લોકો રજોગુણમાં પડેલાં મનુષ્યોના દુઃખોથી ભયભીત થાય છે તે તો કહેશે કે સૌથી ભલો છે. મૂઢ જેને ન લાગે જગતનું દુઃખ; પરંતુ શું માણસ ખરી રીતે મૂઢતાથી સંતુષ્ટ રહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે છે? વનસ્પતિ તેમજ પશુ પક્ષી શું મૂઢતામાં નિમગ્ન રહેવાથી પર્યાપ્ત નથી? મનુષ્ય કે જે મનનશીલ, મનસ્વી પ્રાણી છે, જેનું મન વિશુદ્ધ બુદ્ધિથી સંચાલિત થઇ શકે છે અને જેની બુદ્ધિ સ્વભાવથી આત્મોન્મુખી છે તે હંમેશાં પોતાની તમોગુણી સ્થિતિથી સંતુષ્ટ નથી રહી શકતો. વાસ્તવિક રીતે મૂઢતા જીવન પણ નથી. તે તો છે જીવનનો અભાવ, પોતાના સ્વરૂપ પ્રત્યે અનાસ્થા અને પોતાના અસ્તિત્વના વિનાશનો માર્ગ.

તમોગુણના પંકમાંથી નિકળીને આત્મમુખી પ્રાપ્તિ માટે આગળ પડવા માટે એક ધક્કાની જ જરૂર છે. સંસારમાં એવા અનેક ધક્કા આવે છે. અહિં તો હંમેશાં ધરતીકંપ, જ્વાળામુખી ભયંકર રોગોમાં પ્રકોપ મૃત્યુ અને વિનાશનું તાંડવ ચાલી રહ્યું છે. મનુષ્યમાં એ બધાથી શુદ્ધ થવાની શક્તિનો અભાવ નથી. હા, યોગ્ય સમય તેમજ સાધનાની અપેક્ષા છે. આત્મસ્ફુરણ, સત્સંગ તથા પ્રભુકૃપાથી એ મંગલમય અવસર પ્રાપ્ત થાય છે. મનુષ્ય હંમેશાં એ દશ્યો જુએ છે, પરંતુ તે તેનાથી ઉદાસીન રહે છે, ધારો કે એના ઉપર તેનો કાંઇ પ્રભાવ નથી પડતો; પરંતુ એક દિવસ એના જીવનમાં એવો આવે છે કે જ્યારે તેના શરીરમાં વીજળી દોડી જાય છે, એનું આખું વ્યક્તિત્વ હલી ઊઠે છે, તેની આંખો સામેથી અંધકારનો પડદો ખસી જાય છે અને એ દેખે છે કે જેને પોતે પોતાનું વાસ્તવિક સ્વરૂપ માની લીધું હતું તે પોતાનો કેવળ ભ્રમ હતો અને જે પદાર્થોમાં તે પોતે સુખી તથા શાંતિની શોધ કરી રહ્યો હતો તેની અંદર વિનાશનું બીજ છુપાયું હતું. એ અનુભવ પછી જ વાસ્તવિકતત્વના અન્વેષણની શરૂઆત થાય છે. એવી અવસ્થાએ પહોંચીને આધ્યાત્મિક ભૂખનો અનુભવ થાય છે, અધ્યાત્મની પ્રાપ્તિ માટે મનુષ્ય સચેતન, તત્પર અને વ્યાકુળ બનવા લાગે છે.

તમોગુણની પ્રગાઢ નિદ્રાનો ભંગ થતાં રજોગુણમાં પદાર્પણ થાય છે. રજોગુણમાં સ્વાસ્થ્ય ( આત્મસ્થની અવસ્થા ), જ્ઞાન તથા આનંદની સંભાવનાઓ વધી જાય છે. જો કે એમાં ક્ષોભ તથા દુઃખની આશંકા વધારે થઇ જાય છે, રજોગુણથી સૌથી મોટો લાભ તો એ થાય છે કે તે જડતાનો નાશ કરીને મનુષ્યને પ્રગતિશીલ બનાવે છે. પ્રગતિ એ સ્વાસ્થ્યનું લક્ષણ છે. એનાથી આપણી આકાંક્ષાઓ ઊંચી થવા લાગે છે. રજોગુણમાં રાગ છે, પરંતુ એનાથી માનસિક ક્ષીણતા દૂર થઇને સજીવતા આવવા લાગે છે. એમાં જીવનની ભૂખ હોય છે, જે છેવટ સુધી જઇને સંસારની ભૂલભૂલામણીમાંથી નીકળીને સમસ્ત જીવનના મૂલસ્રોતરૂપ અધ્યાત્મ તરફ જવાનો યત્ન કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માધીન અને પરાધીન મુનિજન.
## કલિકાલમાં જોવાતી વિકૃત પરિસ્થિતિ.

સ્વાતંત્ર્ય વૃત્તિના સહચારી આત્માધીન મુનિજન શરીરથી પણ પૂર્ણ વિરક્ત ચિત્તે વર્તે છે. પ્રાણી માત્રના કલ્યાણની ભાવનાથી એમનું અંતઃકરણ અતિપ્રોત બની રહ્યું હોય છે, એવી આત્મ પરિસ્થિતિમાં માત્ર સ્વપર કલ્યાણકારક ભાવના પૂર્ણ હૃદયે ગૃહસ્થોના ભોજનનો તેઓ સ્વીકાર કરે છે. ભોજન પ્રતિલાભવાળા મહાનુભાવ ગૃહસ્થ છે. જેમણે પોતાના કુટુંબ નિર્વાહ અર્થે 'હરહંમેશના નિયમાનુસાર ( અન્ય કોઇના ઉદ્દેશને અર્થે નહિ ) તૈયાર

---

છે. ફરી પણ વિષયોના અજીર્ણને લઇને અધ્યાત્મ તત્ત્વના ગ્રહણ માટે અગ્નિમાંદ્ય રહે છે.

પરંતુ જેણે કલ્યાણના માર્ગપર ચાલવાનું શરૂ કરી દીધું હોય છે તેને ગંતવ્ય સ્થાને પહોંચવાની આશા રહે છે. પછી એની ચાલ ગમે તેટલી ધીમી હોય અથવા વચ્ચે વચ્ચે તે ગમે તેટલો ભ્રાંત થઇ જતો હોય તો પણ ગંતવ્ય સ્થાને પહોંચવાની આશા રહે છે જ. જ્યારે રજોગુણની કામનાયુક્ત કર્મચક્રમાંથી નિકળીને મનુષ્ય એક પગલું આગળ ચાલે છે ત્યારે તે સત્ત્વગુણના અનુકૂળ વાતાવરણમાં પહોંચી જાય છે. ત્યાં નથી હોતો તમોગુણનો અંધકાર કે જડતા તથા નથી હોતો રજોગુણનો ક્ષોભકારક રાગ. ત્યાં તો મનુષ્યનું વાસ્તવિક સ્વરૂપ નિકળવા લાગે છે. તેનામાં ચેતનતા, પ્રકાશ તથા જ્ઞાનની ઉત્તરોત્તર વૃદ્ધિ થવા લાગે છે. સત્યગુણી વ્યક્તિને અધ્યાત્મનો કેવળ ઝાંખો આભાસ જ નહિ પરંતુ તેને આંશિક જ્ઞાન પણ સુલભ થઇ જાય છે. એનાથી અધ્યાત્મ તત્ત્વની જિજ્ઞાસા વધારે જાગ્રત થાય છે, તેને માટે ભૂખ વધારે તીવ્ર થઇ જાય છે. એ ભૂખની તીવ્રતા અને આધ્યાત્મિક તત્ત્વ માટે વ્યાકુળતાની એ જ અવસ્થા છે. પરંતુ એક એવી પણ અવસ્થા છે જ્યાં પહોચતાં જ સર્વ પ્રકારની ભૂખોની સાથે આધ્યાત્મિક ભૂખથી પણ છૂટકારો મળી જાય છે. એ અવસ્થા છે ગુણાતીત થવાની, ત્યાં શાન્ત અને અપૂર્ણ જગત જેનાથી પોતાની જાતને પૂર્ણ બનાવવાની સદા ભુખ રહે છે તે પાછળ છૂટી જાય છે અને અક્ષય તથા અનન્ત ખજાનો મેળવીને મનુષ્યને કોઇપણ પ્રકારની આકાંક્ષા નથી રહેતી.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યું છે, પરંતુ પ્રવ્રજિત પુરૂષને અર્થે નહિ. વળી તે ભોજન જિનાગમમાં દર્શાવ્યા પ્રમાણે નિર્દોષ છે. આમ છતાં પણ તેવા નિર્દોષ અને લેનાર દેનારના અંતઃકરણમાં જરા સંકોચ પણ નહિ ઉત્પન્ન થવાવાળા ભોજનને ગ્રહણ કરતાં ઉત્તમ મુનિજનોને એક લજ્જાનો વિષય જણાય છે. અણાહારી સ્વપરપ્રકાશક શુદ્ધ ચૈતન્યને આ પુદ્ગલોનું ગ્રહણ જરાય શોભતું નથી, છતાં કયાં સુધી આમ કરવું પડશે ? ઉક્ત ભાવના એમના ( આત્માધીન મુનિજનના ) અંતઃકરણમાં તે ભોજન લેતાં પણ સંકોચ ઉત્પન્ન કરે છે. વાસ્તવિક મુનિના અંતઃકરણમાં કેટલી બધી નિરપેક્ષદશા વર્તે છે કે જે દશા સ્વપર આત્માના શુદ્ધ સ્વાતંત્ર્ય માનસને પોષક છે? અંતે સર્વ આત્મ પ્રતિબંધોને દૂર થવામાં અનન્ય સહાયક છે.

પરાધીન, પુદ્ગલાધીન, રાગદ્વેષાધીન, મુનિજનની એથી ઊલ્ટી સ્થિતિ વર્તતી હોય છે. કલિકાલના સર્વવ્યાપી અપરિહાર્ય મહાત્મ્યે પોતાની વ્યાપક અસર આ મુનિજનો ઉપર પણ એવી પસારી છે કે જે ભોજન ગ્રહણ કરતાં પૂર્વ મહાપુરૂષોને એક લજ્જાનો વિષય સમજાતો હતો, આજ સાધુ પદ ધારણ કર્યું કે ગૃહસ્થોના મંદિર પોતાને ભોજન કરવાના લક્ષકેન્દ્ર બને છે. વૃત્તિનો પ્રવાહ પણ પ્રાયે ત્યાંજ રોકાયેલો રહે છે. ગૃહસ્થોની સાથે અનેક પ્રકારની ચિત્રવિચિત્ર લટપટ રાખે છે. વિષયોથી મમત્વ છૂટયો નથી તેનુંજ આ પરિણામ છે. આ બાજુ ગૃહસ્થોના પણ એ હાલ છે. તેઓ સાધુજનોને ભોજન દેવાના વિચારમાં ઘેલા બની અનેક જાતના વિચિત્ર ઊહાપોહ પરસ્પર કરે છે. મુનિજનોને પોતાની વૃત્તિના માત્ર રમકડા સમજે છે, ઇરાદાપૂર્વક નહિ તો પણ કૃતિ તો એવી જ વર્તતી હોય કે જે સ્વવિચારની પોતાને ગમ પણ ના હોય ! સાધુપદ લીધું કે ગૃહસ્થના ઘેર ભોજન લેવું જ જોઇએ–ગૃહસ્થો હોય તેણે દેવું જ જોઇએ. મુનિજનોને પોતાને આધીન ગૃહસ્થો સમજે છે અને તેમના અભિપ્રાયનો જરાય વિચાર કર્યા વિના માત્ર પોતાના અભિપ્રાયાનુસાર દોરે છે અને વળી તેને વાંકા વળીને વંદન કરે છે. કહો હવે આમાં સાચું શું ? કોના જ્ઞાનમાં કોણ ઉત્કૃષ્ટપણે–સેવ્યપણે વર્તતું હશે ? સાધુ પણ ગૃહસ્થોની મુનિપદને અણશોભતી અને જિન આજ્ઞાથી પ્રતિકૂળ સેવા ગ્રહણ કરતાં જરાય અચકાતા નથી; છતાં વળી પોતાને શ્રમણ–મુનિ–સાધુ નિર્ગ્રંથ માને છે. કયાં છે એમનાં હૃદયમંદિરમાં શુદ્ધસ્વાતંત્ર્ય વૃત્તિની ગંધ.? આમ પરસ્પર બંનેની આવી પરિસ્થિતિ વર્તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તેથી સ્પષ્ટ સમજાય છે કે–રાગદ્વેષનો ઉત્કટ પ્રવાહ બંનેના ઉપર પૂર્ણ-પણે વર્તી રહ્યો છે–વૃદ્ધિંગત થતો જાય છે અને એ જ આ નિઃકૃષ્ટ કલિકાલમાં રાગદ્વેષનું અખંડ અને સર્વવ્યાપી સાર્વભૌમ ચક્રવર્તીપણું.

" લોભી ગુરૂને લાલચુ ચેલા " જેવી ગુરૂ શિષ્યની આ કાળમાં પ્રાયે પરિસ્થિતિ વર્તે છે. ધર્મસૃષ્ટિના આદ્ય ઉપદેષ્ટા, જનક અને પોષક ભગવાન તીર્થંકરના વચનોની પણ અવગણુના કરી યથેચ્છ પ્રવૃતિમાં વર્તી રહેલા મુનિ નામધારી સાધુઓના હૃદયની પરિસ્થિતિ આમ વિચિત્ર પ્રકારે અનન્ત આત્મગુણોને સ્વપર બાધકપણે પ્રવર્તી રહી છે એ પણ તત્ત્વજ્ઞાની મહાત્માના હૃદયમાં ખરેખર જ દયા ઉત્પન્ન કરે છે.

કોઈ કહે એ કાળનો જ દોષ છે, તો પછી આ કાળમાં એવા મુનિને આત્મકલ્યાણ અર્થે માનવા એમાં શું અનુચિત છે ?

આ કાળમાં અન્યાય પ્રવર્તે છે તેને ન્યાય તો ન જ કહેવાય. હા ! એમ કહી શકાય કે ઉક્ત અન્યાયની પ્રવૃતિ એ પણ કાલદોષથી વર્તી રહી છે તેમ આ કાળમાં ભ્રષ્ટ વેષધારી પ્રવર્તે છે. તેને મુનિ તો ન જ કહેવાય પણ આવા ભ્રષ્ટ વેષની પ્રવૃતિને પોષણ માત્ર કાળદોષથી થઈ છે એમ કહેવું તે બરાબર છે. ( આજે–આ નિઃકૃષ્ટ કલિકાળમાં શાસ્ત્રથી વિપરીત એવી દોષાદોષની અજ્ઞાનતાએ અથવા મુનિ પોતાના અતિ પ્રમાદે તથા ગૃહસ્થ સાધુ આચારની વગર સમજણે ભક્તિને વશ કે બીજી રીતિએ હાંકે રખાતું ઠેરઠેર અનુભવાય છે. ગહસ્થ માટે તો સાધુઓએ તેમનાં સઘળા આચારોથી બિનવાકેફગાર રાખ્યા એનું જ આ પરિણામ છે, અને સાધુ માટે પ્રમાદની બહુલતા તેમ જ અજ્ઞાનતા પણ કહી શકાય. **જો તમારે સાધુ-આચારના પાલનની ( સંયમની ) કંઈકેય દરકાર હોય તો તમો સ્વ-આચારના બરાબર જાણકાર થઇ અને તેટલા તેમાં સ્થિત રહો અને શ્રાવકોને સતત્ ઉપદેશદ્વારા તમારો સંપૂર્ણ ગોચરી આદિ એક એક આચાર ખૂબ વિવેચનપૂર્વક સમજાવી દ્યો. આમ થશે તો જ વિરાધનાના દોષોથી બચી શકાશે, બચવા માંગનારને ઘણી સગવડતા થશે, આચારવાળા અને હીનઆચારવાળાની કિંમત અંકાશેઃ**—આપણે શિથિલ તો છીએ જ છતાં વર્તમાન કાળની અપેક્ષાએ ઘણા શીથીલ આચારમાં મુકાયલા હોય એવા સાધુને શ્રાવકો જો જાણકાર હશે તો ચેતવશે પણ ખરા. એમ બંનેયને ઘણો લાભ થશે, કિન્તુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મા યા.

એ ચાર પ્રકારના કષાયમાં ત્રીજો પ્રકાર છે. ચારે કષાયમાં આ કષાય સ્ત્રીલીંગ હોવા છતાં બધા કરતાં તે પ્રાણીને ઘણો જ અનર્થ નિપજાવે છે. ઘણે ભાગે તેને કપટના રૂપમાં વપરાય છે. બીજા કષાય કરતાં આનાથી આત્માને વિશેષ ગેરલાભ થતાં વધારે ભવો કરવા પડે છે. અભવી આત્માઓમાં તો તે ખાસ હોય છે. મનુષ્યભવમાંથી આ કષાય સેવનારને પછીના ભવે તિર્યંચયોનીમાં જન્મ લેવો પડે છે. માયારૂપી રાક્ષસી પ્રવેશ કરે છે ત્યાં પ્રથમ સત્યતા ચાલી જાય છે. તે પ્રાણીઓને સ્વાર્થવૃત્તિમાંથી જ જન્મે છે. મનુષ્ય પોતાનો સ્વાર્થ જ્યાં સરતો હોય ત્યાં ગમે તેવું કપટ આદરે છે. બહારથી સત્યનો ડોળ રાખે છે અને અન્યને છેતરવા, સ્વાર્થ સાધવા અંદરથી મોટી જાળ રચે છે. પોતાના ખરાબ કૃત્યો છુપાવવા પણ મનુષ્યને માયાનું સેવન કરવું પડે છે. સમ્યક્ત્વ માટે તો શાસ્ત્રકારે ત્યાંસુધી જણાવેલ છે કે–

"સમકિતનું મૂળ જાણીયે જી, સત્યવચન સાક્ષાત્ ॥
સાચામાં સમકિત વસે જી, માયામાં મિથ્યાત્વ રે ॥
પ્રાણી! મ કરીશ માયા લગાર.

જગતમાં સારા દેખાવા, લોકોમાં વાહવાહ કહેવરાવવા, લોકોમાં ખોટી કીર્તિ મેળવવા માટે દુનિયામાં ભણેલા અને વિદ્વાન મનુષ્યોને પણ કપટ–માયા સેવવાનું નિરંતર ખાસ લક્ષ્ય થઇ પડયું હોય છે. દુનિયામાં

---

પોતાને પ્રતિકૂળતા વેઠવી પડે એ ખાતર અથવા એવા દુષ્ટ આશયે બધી જ વિધિ અને નિષેધ એવી બાબતોથી :જાણકાર નહિ કરવામાં આવે તો રહ્યું સહ્યું પણ સંયમપાલન ( આત્મકલ્યાણ ) અશકય બનશે. એ દોષના ભાગીદાર સૌ સૌના ગચ્છના આચાર્યાદિ પદવીધરો અને જે મુખ્ય હશે તે ગણાશે. આ કાર્ય વ્યાખ્યાનકર્તાઓનું હોઈ ઉક્ત બાબત ખૂબ લક્ષમાં લેવા સાથે સમકિતની પ્રાપ્તિ કઇ રીતિએ શું હોય તો થઈ શકે એવા સ્પષ્ટ વિવેચનની તો આના કરતા એ ખૂબ જ આવશ્યકતા છે.

મજકુર લેખ સમષ્ટિગત હોઇ કોઇનીય નિંદા માટે બહાર મુકાયો નથી, પરંતુ સૌ કોઇને આ બાબત લક્ષમાં લેવા સાથે બોધાર્થે છે એ નમ્રભાવ સ્પષ્ટ કરી વિરમું છું.

બકુશ કુશીલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવા મનુષ્યો સજ્જન પણ કહેવાય છે; કારણ કે તેવા કીર્તિના લાલસાવાળાની એવી સરસ આવડત હોય છે કે તેનો દંભ, કપટ, માયા જાણી પણ શકાતી નથી. હૃદયના ભાવો અને વાણી-વચનમાં જુદું જુદું હોય છે. માયાથી સામાન્ય, વિદ્વાન, પંડિત અને કહેવાતા જ્ઞાન સંપાદન કરેલા મનુષ્યો પણ બચી શકયા નથી. કપટ કરવા ટેવાઇ ગયેલ મનુષ્યની તે ટેવ જલદી જતી નથી, કારણ કે લોકોને પોતાની તેવી જાતની આવડતથી આંજી નાખ્યા હોય છે અને તેથી સંપાદન કરેલી કે વધતી જતી કીર્તિ-તેની લાલસા બહુ જ સ્વાદિષ્ટ આત્માને થઇ પડેલી હોય છે. મનુષ્યના ક્રોધ, માન અને લોભ એ ત્રણ કષાયો તો તરત જ દેખાઇ આવે છે, તે છુપાતા નથી પરંતુ માયા-કપટ છેતરવાની ટેવ-ક્રિયા અન્યથી સમજાઈ પણ શકાતી નથી; કારણ કે તે હૃદયગત ભાવો હોવાથી તેને ઉપદેશ પણ અસર કરી શકતો નથી. અન્ય વિદ્વાને **મા**=નહિ અને **યા**=જવું એટલે આત્માને તે ચોંટયા પછી, છેતરવાની ટેવ પડ્યા પછી તે છૂટી શકે નહિં એવો અર્થ કરેલો યોગ્ય લાગે છે.

માયાવી પુરૂષે ગમે તેટલું ધાર્મિક પણ જ્ઞાન મેળવ્યું હોય છતાં દુનિયામાં કીર્ત્તિ મેળવવાની તેમની લાલસાથી તેના ઉપર પડળ આવી જાય છે, મન પણ અવટાઈ જવાનું; કારણ કે કપટભર્યા, બીજાને છેતરવાના વિચારો કરવાથી મનની ગતિ વાંકી થઇ જાય છે તેથી જ પોતે સત્ય જાણી નહીં શકવાથી જ બીજાને છેતરે છે.

સર્વ ધાર્મિક ક્રિયામાં પણ ફળનો આધાર હૃદયની સરળતા અકપટ ભાવ ઉપર આધાર રાખે છે. જે મનુષ્ય ભણી, વિદ્વાન બની, ધાર્મિક જ્ઞાન મેળવી ધર્મી તરીકે ગણાવાને, મોટા થવાને, કીર્તિ મેળવવાને અનેક જાતના દંભ, કપટ, છેતરપીંડી કરીને દુનિયામાં વધે છે, વધ્યા છે, વધવાનો દાવો ધરાવે છે, તેના આત્મામાં પોતાના આત્મકલ્યાણની, સમાજમાંહેના મનુષ્યોનું કલ્યાણ કરવાની ભાવના હોતી નથી તેથી તે ગમે તેટલું કરે તો પણ તેને ફળ મળતું નથી.

બગ ભક્ત-બગલા જેવી વૃત્તિની ઉપમા આવા માયાવી પુરષોને અપાય છે. ખરી રીતે તો બીજા કરતાં પોતાના આત્માને જ તેણે છેતર્યો હોય છે જેથી પરભવમાં દુર્ગતિ થાય છે. માયાનો પ્રતિસ્પર્ધી તેને દુર કરવાનો ઉપાય આત્માની સરળતા-ઋજુતા છે. તેવો મનુષ્ય ભૂલ કરે તો જેવું હોય તેવું કહી દે છે તેવા પુરૂષોને પોતાની લઘુતા થવાનો ભય નથી પરંતુ આત્માનું અકલ્યાણ વખતે થઈ જાય તેવો ભય હોય છે. સરળ મનુષ્યોના મન, વાણી અને કાર્યોમાં સરળતા એકરૂપતા જ હોય છે. બિલકુલ કપટ હોતું નથી તેવા પુરૂષો વંદનીય છે.


**આત્મવલ્લભ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥एक वृद्ध मुनि महाराज (श्री सुमतिविजयजी) का स्वर्गवास॥



इन मुनि महाराज श्रीसुमतिविजयजी महाराज प्रसिद्धनाम (श्रीस्वामीजी महाराज) के नाम से जैनसमाज भलिभांति परिचित है। आप स्वर्गस्थ श्री आत्मारामजी महाराज के संघाड़े के परम सेवाभावी, दीर्घकालीन संयमी थे। आप

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



का जन्म संवत् १९१३ में मारवाड़ के पाली शहर में खीमचंदजी नामक ओसवाल महाजन के यहां मगशर शुदि ५ को हुआ था। आप का नाम हरखचंदजी था। आपने संवत् १९३५ वैशाख शुदि १३ के दिन लुधियाना शहर में आचार्यदेव श्रीमद् आत्मारामजी महाराज के हाथ से दीक्षा ग्रहण की थी। गुजरात तथा काठियावाड के अलावा आप पंजाब में खूब घूमे थे। गुरुसेवा यह आप का परम ध्येय था। ६० वर्ष के दीक्षापर्याय में आप यथासंभव श्रीगुरुदेव से जुदे कभी नहीं विचरे। ज्ञान के आप परम उपासक थे। आप दिनभर बालकों को पढ़ाते रहते तथा शास्त्र और संग्रहित शास्त्रों की रक्षा में तत्पर रहते थे। पंजाब के समस्त भंडारों का लिष्ट मानो आप के हृदय पर लिखा हुआ था। इस के अतिरिक्त आप साधु मात्र की सेवा में तल्लीन रहते थे। ज्ञान का क्षयोपशम अधिक तीव्र न होने पर भी आप परम सेवाभावी थे। स्वर्गस्थ श्रीआत्मारामजी महाराज के आप भंडारी कहलाते थे। ६० वर्ष तक विशुद्ध चारित्र पाल कर पंजाब के सुप्रसिद्ध ऐतिहासिक नगर गुजरांवाला में संवत् १९९४ के श्रावण वदि ११ की मध्य रात्रि को आप का स्वर्गवास हुआ। आप अंततक समाधिस्थ रहे। आचार्य श्रीविजयविद्यासूरिजी, मुनिराज श्री विचारविजयजी तथा मुनिराज श्री उपेन्द्रविजयजीने १३ साल तक आप की अविश्रांत सेवा की। श्रीस्वामीजी महाराज हमेशा श्रीआत्मारामजी महाराज के साथ ही विचरे और उनके स्वर्गवास के बाद पूज्य आचार्यदेव श्रीमद् विजयवल्लभसूरिजी महाराज के साथ ही विचरते रहे। जब आचार्यदेव गुजरात तर्फ पधार गये तब आपने पंजाब की निरंतर पालना की। आप के स्वर्गवास के समाचार जिस किसीने सुने उसको असह्य दुःख हुआ। पंजाब में आप के कालधर्म के समाचार पहुंचते ही पंजाब के नरनारी सैकड़ों की संख्या में आप के दर्शनार्थ उपस्थित हुए और संस्कार आदि में नितांत भक्ति दर्शाई। आप के स्वर्गस्थ हो जाने से एक वृद्ध अनुभवी और चारित्रपात्र ऐसे मुनिरत्न की खोट पडी है कि जो किसी तरह से भी पूरी नहीं हो सकती। आप के स्वर्गीय आत्मा को शांति पहुंचे और आप जैसे पुरुषरत्न समाज में युग युग में अवतार धारण करे यही अंतिम भावना है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## શ્રીયુત્ નગીનદાસ બાલાભાઇનો સ્વર્ગવાસ

ભાઇ નગીનદાસ આંતરડાનું ઓપરેશન કરાવવા અમદાવાદ ગયેલા જ્યાં તેનાથી જ તેઓનો સ્વર્ગવાસ થયો છે. ભાવનગર સ્ટેટ રેલ્વેમાં ગાર્ડ, સ્ટેશન માસ્તર અને છેવટે ટ્રાફીક ઇનસ્પેકટરની પદવીએ પહોંચ્યા હતા. અમલદારીની તો ગંધ નહોતી પરંતુ રેલ્વે-રાજ્યને વફાદાર રહી, નીચેના માણસોને સંતોષ આપતા, મુસાફરોને પણ યોગ્ય રાહત આપતા હતા. તેઓના આખા જીવનમાં પ્રમાણિકપણું તો અજોડ હતું કે જે અનુકરણીય અને દૃષ્ટાંતરૂપ તેમજ પ્રશંસનીય હતું. તેઓ જૈન હોવા છતાં તેની જનસમાજને એક સાચા સેવક તરીકે ખોટ પડી છે. ભાઇ નગીનદાસનું જીવન નૈતિક, માયાળુ સ્વભાવ, સરલ હૃદય અને સત્યપણું એ સર્વ હોવાથી આદર્શ પુરૂષ હતા. આ સભાના તેઓ માન્ય સભાસદ ઘણા વર્ષોથી હતા, અને વારંવાર સભામાં આવી કાર્યવાહીથી સંતોષ બતાવતા હતા, અને તેમને વાંચનનો જબ્બર શોખ હોવાથી સભાની લાઇબ્રેરીનાં પુસ્તકોના વાંચનનો સૌ વધારે લાભ તેઓ લેતા હતા. તેમના સ્વર્ગવાસથી આ સભાને એક આદર્શ સભ્યની ખરેખરી ખોટ પડી છે જે માટે સભા પોતાનો અત્યંત ખેદ જાહેર કરે છે અને તેમના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરે છે. અને લાગતાવળગતા સ્નેહીજનો અને રેલ્વે સ્ટાફ તેમનું સ્મારક કંઇ કરે તેમ સૂચવીયે છીએ.

## ભાઇ ચંપકલાલનો સ્વર્ગવાસ

ભાઇ ચંપકલાલ શુમારે વીશ વર્ષની ઉમરે અશાડ વદિ ૮ ના રોજ અમદાવાદ પાસે અડાલજા ગામે તળાવમાં ન્હાવા જતાં ડુબી જતાં સ્વર્ગવાસ પામ્યા છે તે એક ખરેખર કરૂણાજનક બનાવ હતો. પૂર્વના પુણ્યયોગે ભાઇ ચંપકલાલ સંસ્કારી, વડિલો પ્રત્યે આજ્ઞાંકિત, મનુષ્યો પ્રત્યે માયાળુ, મિલનસાર, વિનયી અને સરલહૃદયી હતા. નિત્ય પ્રભુપૂજા કરવામાં ટેવાઇ ગયેલ હોઇ પરમ શ્રદ્ધાળુ હતા. ઇંગ્રેજી સાતમા ધોરણ સુધીનો અભ્યાસ કરી હુન્નર-ઉદ્યોગનું શિક્ષણ લેવા અમદાવાદ શેઠ ચિમનલાલ નગીનદાસ બોર્ડીંગમાં દાખલ થયા હતા. તેમનું મગજ આરટીસ્ટ હોવાથી કોઇ પણ કળા જલદી ગ્રહણ કરી શકતા હતા. શારીરિક કેળવણીની જરૂરીયાત સ્વીકારી શરીરબળ કેળવી અહિંની વ્યાયામશાળામાં કેપટનની પદવી પ્રાપ્ત કરી હતી. અને ભવિષ્યમાં જૈન બાળકોને તે કેળવણી આપી શરીર બળ કેળવવાની સેવા કરવાની અભિલાષા ધરાવતા હતા પરંતુ દેવને તે નહિ ગમતું હોય, જેથી એક તેજસ્વી પુષ્પકળી ફાલ્યા-ફૂલ્યા-ખીલ્યા સિવાય, તેની સુગંધ જૈન સમાજને આપ્યા સિવાય કરમાઇ ગયેલ છે, એ દુ:ખદ પ્રસંગ છે. જૈનપત્રના અધિપતિ દેવચંદભાઈના તેઓ સુપુત્ર હતા. ભાઇ ચંપકલાલના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીયે છીયે અને તેના પિતાશ્રી વગેરે કુટુંબને દિલાસો આપતાં ધર્મદૃષ્ટિ સન્મુખ રાખી શાંતિ ધારણ કરવા સૂચવીયે છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## છેલ્લા પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ. | ૩-૮-૦ | ૬ શ્રી જૈન મેઘદૂત | ૨-૦-૦ |
| ૨ શ્રી વસુદેવ હિંડિ ,, દ્વિતીય અંશ | ૩-૮-૦ | ૭ શ્રી ગુરૂતત્ત્વ વિ૦ નિશ્ચય | ૩-૦-૦ |
| ૩ શ્રી બૃહત્ કલ્પસૂત્ર (છેદસૂત્ર) ૧ ભાગ | ૪-૦-૦ | ૮ ઐન્દ્રસ્તુતિ ચતુર્વિંશતિકા | ૦-૪-૦ |
| ૪ શ્રી બૃહત્ કલ્પસૂત્ર (છેદસૂત્ર) ૨ ભાગ | ૬-૦-૦ | ૯ યોગદર્શન તથા યોગવિંશિકા હિંદી ભાષાંતર સાથે | ૧-૮-૦ |
| ૫ શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ | ૨-૦-૦ | ૧૦ ચેઇવંદણ મહાભાસં | ૧-૧૨-૦ |

## નવા પ્રકટ થયેલા ગુજરાતી ગ્રંથો.

૧ **શ્રી સામાયિક સૂત્ર**, મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂા. ૦-૨-૬

૨ **શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ** ,, ,, રૂા. ૦-૧૦-૦

૩ **શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર** ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળી બુક. ( શ્રી જૈન એજ્યુકેશન બોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ). રૂા. ૧-૪-૦ રૂા. ૧-૧૨-૦.

૪ **શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ.** રૂા. ૦-૨-૦

૫ **શ્રી શત્રુંજય તીર્થ** વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ ચરિત્ર પૂજા સાથે. રૂા. ૦-૪-૦

૬ **શ્રી તીર્થંકર ચરિત્ર.** ( ભાષાંતર ) રૂા. ૦-૧૦-૦

૭ **શ્રી વીશ સ્થાનક પદ પૂજા** ( અર્થ, વિધિ-વિધાન, યંત્રો, મંડળ વગેરે સહિત ). રૂા. ૦-૧૨-૦

## છપાતાં ગ્રંથો.

૧ શ્રી વસુદેવહિંડિ ત્રીજો ભાગ.

૨ શ્રી ગુણચંદ્રસૂરિકૃત **શ્રી મહાવીર ચરિત્ર.** ભાષાંતર

૩ **પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.**

૪ **શ્રી બૃહત્કલ્પ** ભાગ ૩-૪.

## શ્રીસ્તોત્રસંદોહ

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવસ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર, મળી કુલ ૧૯ સ્તોત્રો, તથા રત્નાકર પચ્ચીશી, અને બે યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલ છે. ઊંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાએલ, સુશોભિત બાઇન્ડીંગ અને શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને બે પૂજ્યપાદ ગુરુ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિનિમિત્તે સાથે આપવામાં આવેલ છે, આટલો મોટો સ્તોત્રોનો સંગ્રહ, અને આટલી છબીઓ અને સુંદરતા છતાં સર્વ કોઇ લાભ લઇ શકે જે માટે મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર રૂા. ૦-૪-૦ ચાર આના. ( પોસ્ટેજ જુદું ) રાખેલ છે. પર્યુષણાપર્વ નજીક આવતા હોવાથી પ્રભાવના કરવા લાયક છે. નિત્ય સ્મરણ કરવા લાયક હોવાથી લાભ લેવા જેવું છે.

લખોઃ—

**શ્રી. જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

બંને ભાગોની થોડી નકલો સીલીકે છે—

# શ્રી બૃહતકલ્પસૂત્ર બીજો ભાગ.

( મૂળ, ભાષ્ય, ટીકા સહિત. )

અતિમાન્ય આ છેદસૂત્રનો બીજો ભાગ પ્રાચીન ભંડારોની અનેક લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ સાક્ષરવર્યો મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

પ્રથમ ભાગ કરતાં બાર ફોર્મનો વધારો થતાં ઘણો જ મોટો ગ્રંથ થયેલ છે અને તે સુંદર બહુ ઉંચા ટકાઉ કાગળ ઉપર, સુંદર શાસ્ત્રી અક્ષરોમાં, શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી છપાવેલ છે. સુશોભિત મજબુત કપડાનું બાઇંડીંગ કરાવ્યું છે. આવું પ્રાચીન સાહિત્ય સુંદર રીતે પદ્ધતિસરનું પ્રકાશન ફક્ત આ સભા જ કરે છે. જૈન જૈનેતર વિદ્વાનો અને હિંદની કોલેજના પ્રોફેસરો, પાશ્ચિમાત્ય અનેક વિદ્વાનો મુક્તકંઠે પ્રશંસા કરે છે. કિંમત રૂા. ૬–૦–૦ લેવામાં આવશે. ( પોસ્ટેજ જુદું )

---

# શ્રી વીશ સ્થાનક તપ પૂજા ( અર્થ સાથે. )

## ( વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત )

વિસ્તારપૂર્વક વિધિ વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળો વગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રકટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરાવનાર મહાન તપ છે. તેનું આરાધન કરનાર બ્હેન તથા બંધુઓ માટે આ ગ્રંથ અતિ મહત્વનો અને ઉપયોગી છે. શ્રી વીશ સ્થાનક તપનું મંડળ છે. તેમ કોઇ અત્યાર સુધી જાણતું પણ નહોતું, છતાં અમોએ ઘણી જ શોધખોળ કરી, પ્રાચીન ઘણી જ જૂની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી, ફોટો બ્લોક કરાવી તે મંડળ પણ છપાવી આ બુકમાં દાખલ કરેલ છે. આ એક અમૂલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે.

ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવી સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે છતાં કિંમત બાર આના માત્ર રાખવામાં આવેલી છે. પોસ્ટેજ જુદું.

---

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શા દેવચંદ દામજીએ છાપ્યું—ભાવનગર

For Private And Personal Use Only